# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમિક કાઉન્સીલની તા.૦૪/૦૬/૨૦૨૦નાં રોજ ONLINE WEBEX MEET ના માધ્યમથી યોજાયેલ ૩૪ મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની ૩૪મી બેઠક તા.૦૪ જુન, ૨૦૨૦ નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ONLINE WEBEX MEET નાં માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) પ્રો.હરેરામ ત્રિપાઠી
(૩) પ્રો.નિલાભ તિવારી
(૪) ડૉ. મહેશભાઈ ઠાકર
(૫) શ્રી અશોક સોમેશ્વર જોષી
(૬) શ્રીમતી સોનિયા સી.પટેલ
(૭) ડૉ. રાજેસ સી. વ્યાસ
(૮) ડૉ. શ્વેતાબેન જેજુરકર
(૯) ડૉ. યોગેશ ત્રિવેદી
(૧૦) ડૉ. ભાવપ્રકાશ ગાંધી
(૧૧) શ્રી જયશંકર રાવલ
(૧૨) ડૉ. મહેન્દ્રકુમાર એ. દવે
(૧૩) ડૉ. ડી.એમ.મોકરીયા
(૧૪) ડૉ. પંકજકુમાર એસ. રાવલ
(૧૫) ડૉ. અમીષાબેન દવે
(૧૬) શ્રી હિમંતભાઈ દવે
(૧૭) શ્રી રમેશભાઈ જોષી
(૧૮) શ્રી સંજયકુમાર એલ.જોષી
(૧૯) ડૉ. રશ્મીબેન મહેતા
(૨૦) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સુચનાથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

કુલસચિવશ્રી દ્વારા ગત તા.૧૦/૦૧/૨૦૨૦નાં રોજની એકેડેમીક કાઉન્સિલની બેઠક બાદ કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ રજુ કરવામાં આવ્યો જેમાં કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૩૪.૦૧** તા.૦૨/૦૬/૨૦૨૦નાં રોજની પરીક્ષા સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

**ઠરાવ :** તા.૦૨/૦૬/૨૦૨૦નાં રોજની પરીક્ષા સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તેમજ સરકારશ્રીની સુચના મુજબ બી.એડ્.અભ્યાસક્રમની સેમ.–૨ અને સેમ.–૪ની પરીક્ષા લેવાનું નકકી થયું. ડીનશ્રી શિક્ષાશાસ્ત્રી દ્વારા તેને યોગ્ય ગણી પરીક્ષા લેવાનું સમર્થન આપ્યું.

Shree Somnath Sanskrit University Registrar Office *

૩૪.૦૨ તા.૦૨/૦૬/૨૦૨૦નાં રોજની સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ : તા.૦૨/૦૬/૨૦૨૦નાં રોજની સંશોધન સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૪.૦૩ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧નું વાર્ષિક કેલેન્ડર બનાવવા અંગે.

ઠરાવ : રાજ્ય સરકારશ્રી તરફથી જે સુચના મળશે તે મુજબ યુનિવર્સિટીનું વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવામાં આવશે. તેમજ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે યુનિવર્સિટીએ ઓનલાઈન ફોર્મ તૈયાર કરી વેબસાઈટ પર મુકેલ છે જે માધ્યમથી વિદ્યાર્થીઓ પ્રવેશ ફોર્મ ભરી પ્રવેશ મેળવશે. તેમજ આ તમામ વિદ્યાર્થીઓને સરકારશ્રીની સુચના મુજબ પ્રત્યક્ષ રૂપમાં શિક્ષણ શરૂ ન થાય ત્યાં સુધી ઓનલાઈન માધ્યમથી અભ્યાસક્રમ કરાવવો તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૩૪.૦૪ યુનિવર્સિટી સંલગ્ન ભાગવત બી.એડ્. કોલેજ, સોલામાં ચાલતા અભ્યાસક્રમમાં ડીનશ્રી દ્વારા કરવામા આવેલ ફેરફારને મંજૂરી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી સંલગ્ન ભાગવત બી.એડ્. કોલેજ, સોલામાં ચાલતા અભ્યાસક્રમમાં ડીનશ્રી દ્વારા કરવામા આવેલ ફેરફારને મંજૂરી આપવામાં આવી અને આ અભ્યાસક્રમ શૈ.સત્ર ૨૦૨૦–૨૧થી શરૂ કરવો તેમ નકકી કરવામાં આવ્યું. તથા યુનિવર્સિટીમાં ચાલુ થનાર ઈન્ટીગ્રેટેડ ૪ વર્ષનાં શાસ્ત્રી–શિક્ષાશાસ્ત્રીનો અભ્યાસક્રમ માન.કુલપતિશ્રી દ્વારા બનાવેલ કમિટિએ તૈયાર કરેલ છે તેને માન્ય રાખવામાં આવેલ.

૩૪.૦૫ તા.૦૧/૦૬/૨૦૨૦નાં રોજની શોર્ટ ટર્મ ઈ કોર્સની થયેલ બેઠકની બહાલી આપવા બાબત.

ઠરાવ : તા.૦૧/૦૬/૨૦૨૦નાં રોજની શોર્ટ ટર્મ ઈ કોર્સની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૩૪.૦૬ નવી કોલેજ, ડિપ્લોમા કેન્દ્રો તથા પીજીડીસીએ શરૂ કરવા માટે આવેલ અરજીઓની સ્ક્રુટીની કરી એલ.આઈ.સી. કરી નિયમાનુસાર હોય તો માન્યતા આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા માહિતી ખાતા મારફત આપવામાં આવેલ નવા જોડાણની જાહેરાતનાં અનુસંધાને નવા જોડાણ મેળવવા માટે આવેલ ડિપ્લોમાની કુલ ૬ સંસ્થા, પીજીડીસીએની કુલ ૭ સંસ્થા તથા નવી સંસ્કૃત કોલેજ માટે આવેલ ૧ અરજીની સ્ક્રુટીની કરી યુનિવર્સિટીનાં જોડાણનાં નિયમોને ધ્યાને લઈ તમામ સંસ્થાઓની એલ.આઈ.સી. કરી તેઓને એક વર્ષ માટે સ્વનિર્ભર ધોરણે માન્યતા આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો. જેમાં હાલ કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ તમામ એ.સી./ઈ.સી.નાં મહાનુભાવોને વિનંતી કરવામાં આવી કે જયાં નજીક હોય ત્યાં જઈ યુનિવર્સિટીની કમિટિને મદદ કરે.

૩૪.૦૭ ચાલુ પીજીડીસીએ સંસ્થા તરફથી રિન્યુ માટે આવેલ અરજીને ધ્યાને લઈ એલ.આઈ.સી. કરી માન્યતા આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા સંલગ્ન પીજીડીસીએ સ્ટડી સેન્ટર તરફથી તેઓની માન્યતા શૈ. વર્ષ ૨૦૨૦–૨૧ માટે રિન્યુ કરવા માટે આવેલ જરૂરી ફીને ધ્યાને લઈ તેવી સંસ્થાઓની માન્યતા રિન્યુ માટે તેઓની

Shree Somnath Sanskrit University Registrar Office

જરૂરી એલ.આઈ.સી. કરી તેઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧ માટે એક વર્ષની માન્યતા આપવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

**૩૪.૦૮** ચાલુ પીજીડીસીએ સંસ્થા તરફથી જેઓને સંસ્થા બંધ કરવાની અરજી આવેલ છે તેઓને ડિપોઝીટ પરત કરવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા સંલગ્ન પીજીડીસીએ સ્ટડી સેન્ટર તરફથી તેઓએ તેમની માન્યતા રીન્યુ કરાવવી નથી અને પોતાનું કેન્દ્ર બંધ કરવું છે તેવી સંસ્થાની આવેલ અરજીઓને ઘ્યાને નિયમાનુસાર તેઓને તેમણે યુનિવર્સિટીમાં જમા કરાવેલ ડિપોઝીટ પરત કરવાનું નકકી કરવામાં આવ્યું.

**૩૪.૦૯** ચાલુ મહાવિદ્યાલય તથા ડિપ્લોમા કેન્દ્રો તરફથી જેઓની રીન્યુ માટેની ફી આવેલી છે તેઓની માન્યતા રીન્યુ કરવા બાબત.

**ઠરાવ :** ચાલુ મહાવિદ્યાલય તથા ડિપ્લોમા કેન્દ્રો તરફથી જેઓની રીન્યુ માટેની ફી આવેલી છે તેઓને એક વર્ષ માટેની માન્યતા રીન્યુ કરવા માટેની તમામ સભ્યશ્રીઓએ સર્વાનુમતે મંજૂરી આપી.

**૩૪.૧૦** યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજમાં ઈન્ટીગ્રેટેડ બી.એડ્.કોલેજ શરૂ કરવા અંગે.

**ઠરાવ :** યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજમાં ઈન્ટીગ્રેટેડ બી.એડ્.કોલેજ શરૂ કરવા માટેનો ઈ.સી.માં ઠરાવ થયેલ છે જે અંગેની અત્રેની યુનિવર્સિટીમાં પ્રક્રિયા ચાલે છે તે પ્રક્રિયા વિશે કુલસચિવશ્રીએ તમામ સભ્યશ્રીઓને અવગત કર્યા અને કોલેજમાં જ ચાર વર્ષનો બી.એ. બી.એડ્. ઈન્ટીગ્રેટેડ કોલેજ શરૂ કરવાની તમામ સભ્યશ્રીઓએ સહમતી દર્શાવી તેમજ આ અંગે જરૂરી ભરતી પ્રક્રિયા કરવા માટેની આગળની કાર્યવાહી ટુંક સમયમાં માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શનમાં ભરતી માટેની જાહેરાત આપી અધ્યાપકશ્રીઓની પસંદગી પ્રક્રિયા માટે ઈન્ટરવ્યુ કરવામાં આવનાર છે. જે NCTEમાંથી મંજૂરી મળે તો જ ભરતી પ્રક્રિયાની ઈ.સી.માંથી બહાલી મેળવી તેઓની નિમણૂંક આપવામાં આવશે તેમ લેવાયેલ નિર્ણયને સૌએ સમર્થન આપ્યું.

**૩૪.૧૧** ડિપ્લોમા અભ્યાસક્રમનાં પ્રશ્નપત્રોની ભાષા, માધ્યમ તથા સમાન પ્રારૂપ નકકી કરવા બાબતમાં કમિટિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

**ઠરાવ :** ડિપ્લોમા અભ્યાસક્રમનાં પ્રશ્નપત્રોની ભાષા, માધ્યમ તથા સમાન પ્રારૂપ, યુનિટ,ક્રેડીટ નકકી કરવા બાબતમાં યુનિવર્સિટીની કમિટિની બેઠકમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી જેમાં તમામ ડિપ્લોમા અભ્યાસક્રમનું પ્રશ્નપત્રનું, પેપરનું પ્રારૂપ, યુનિટ,ક્રેડીટ એક સમાન રહે તેમજ તમામ ડિપ્લોમા અભ્યાસક્રમમાં ત્રણ પેપર એક સમાન રાખવામાં આવે આ અંગેની કરવામાં આવેલ કમિટિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી અને આગામી સમયમાં આ એક સમાન તમામ ડિપ્લોમા અભ્યાસક્રમ લાગુ કરવો તેમ નકકી કરવામાં આવ્યું. યુનિવર્સિટીમાં ઓનલાઈન અભ્યાસક્રમો બનાવવા કમિટિ બનાવવામાં આવી છે. તેને બહાલી આપવામાં આવી અને સમાજ/યુનિવર્સિટી અને છાત્રોને ઘ્યાને લઈ અભ્યાસક્રમો બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

Shree Somnath Sanskrit University Registrar Office

*અધ્યક્ષ સ્થાનથી :–*

*૩૪.૧૨*

*(૧)* યુનિવર્સિટી કક્ષાએ ડિપ્લોમા ઈન સંસ્કૃત લર્નિંગ અભ્યાસક્રમ શરૂ કરવા માટે માન.કુલપતિશ્રી દ્વારા પ્રસ્તાવ મુકતા સૌ મહાનુભાવોએ સમર્થન આપ્યુ. તેમજ ચાલુ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

*(૨)* યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા એમ.એ.યોગ અભ્યાસક્રમ વાર્ષિક ધોરણે ચલાવવામાં આવે છે જે યુ.જી.સી.મુજબ ન હોય આગામી શૈક્ષણિક સત્રથી આ એમ.એ. યોગ અભ્યાસક્રમને આચાર્ય કક્ષા મુજબ ચાર સેમેસ્ટરમાં વિભાજીત કરી સેમેસ્ટર મુજબ ચલાવવો જોઈએ. જેમનું પ્રારૂપ તથા અન્ય આનુંસાંગિક બાબતો આચાર્ય કક્ષા મુજબ રાખવી જોઈએ તેવું માન.કુલપતિશ્રીએ સુચન કરેલ હતું. આ પ્રસ્તાવને તમામ સભ્યશ્રીઓએ સહમતી દર્શાવી હોય સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

*(૩)* ગુજરાત રાજયમાં ચાલતી તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮નાં વિદ્યાર્થીઓ સામાન્ય માધ્યમમાંથી ભણવા આવતા હોય છે. રાજયની પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૬ થી ૮માં એક વિષય તરીકે સંસ્કૃત હોય આ વિષયને ભણાવતા શિક્ષકો સંસ્કૃત માધ્યમથી ભણાવતા ન હોય આવા શિક્ષકોને સંસ્કૃત માધ્યમથી ભણાવે તે હેતુથી 'સંસ્કૃત ને સંસ્કૃત માધ્યમથી ભણાવે' તે યોજના અંતર્ગત ધોરણ ૬ થી ૮ માં ભણાવતા શિક્ષકોને જિલ્લાવાઈઝ યુનિવર્સિટી દ્વારા પ્રશિક્ષણ આપી આવા શિક્ષકોને ઓનલાઈન પ્રશિક્ષણ આપવામાં આવે અને તૈયાર કરવામાં આવે તેવું માન.કુલપતિશ્રીએ સુચન કરતા બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓએ આ બાબતને સ્વીકારી સહમત દર્શાવી હતી. તેમજ આ નિર્ણયથી ગુજરાતમાં સંસ્કૃત ભાષાનું સંવર્ધન થશે અને લોકોમાં પ્રશિક્ષણ થશે તેમ સૌએ જણાવેલ હતું.

માન.કુલપતિશ્રીએ વિશેષમાં જણાવેલ કે આ અંગે એક શિક્ષણ પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના કરવા માટે રાજય સરકારશ્રીમાં પણ દરખાસ્ત કરવામાં આવેલ છે.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

Shree Somnath Sanskrit University Registrar Office

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ